# જ્યોતિ મહિલા મંડળના તા.૧૬મી ઓક્ટોબરે ફરતા ગરબાનો કાર્યક્રમ

ગાંધીનગર તા.૬

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વિવિધ વયજૂથના ફરતા ગરબાની સ્પર્ધાનું આયોજન તા.૧૬મી ઓક્ટોબરે બપોરે બલરામ ભવન સેક્ટર-૧૨ ખાતે રાખેલ છે. જેમાં ભાગ લેવા માટે પાંચ વર્ષની બાળાથી લઈને ૬૦ વર્ષથી વધુ ઉંમરની બહેનોને વિશાળ સંખ્યામાં ભાગ લેવા લતાબેન ચૌકસી અને કુ. ચેતના બુચે અપીલ કરી છે. ફરતા ગરબા સ્પર્ધા અને માથે કળશ કે બેડુ લઈને ગરબો ઘુમવાના પાસ નીચેના સંપર્ક સૂત્ર પાસેથી સત્વરે મેળવવા વિનંતી છે.

જ્યોતિ મહિલા મંડળ કાર્યાલય બ્લોક નં. ૧૪૬/૧, સેક્ટર-૧૭, નીરૂબેન નાયક સેક્ટર-૫ ફોનં. ૨૩૨૨૬૫૪૬, કમળાબેન ગાંધી ૨૩૨૩૫૧૪૧, સાબેરાબેન દેસાઈ ૨૩૨૨૦૨૦૧, શર્મિષ્ઠાબેન દવે ૨૩૨૨૪૧૦૦નો સંપર્ક કરવા જણાવેલ છે.

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ૮મીએ બેઠક મળશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિ તથા સભ્યોની એક સભા, સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને તા. ૮ ઓકટોબર ૨૦૧૨ને સોમવારના રોજ સાંજના ૫-૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મળશે.

જેમાં મહાનગર નગરપાલિકા દ્વારા નાખવામાં આવેલ મિલ્કતવેરા અંગે તથા વધતી જતી કાળઝાળ મોંઘવારી સંદર્ભે પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. આથી આ બેઠકમાં અચૂક ઉપસ્થિત રહેવા માટે ચોકકસ અનુકૂળતા કરવા, સંસ્થાના મંત્રી સોમાભાઈ પરમાર દ્વારા પરિષદના કારોબારી સભ્યો, સર્વે સભ્યશ્રીઓ અને પ્રબુદ્ધ મહાનુભાવોને વિનંતિ સહ ખાસ અનુરોધ કરવામાં આવે છે.

# સે-૬માં માર્ગ વચાળે ઓઈલ રેલાતા ૭ બાઈકો સ્લીપ થયા!

**આખરે જાગ્રત નાગરિકોએ અકસ્માત નિવારવા માટી પાથરી**

ગાંધીનગર, તા.૬

સે-૬માં આજે આંતરિક માર્ગ પર ટેન્કરમાંથી ઓઈલ લીકેજ થતા સિરિયલ બધ્ધ સાતથી આઠ બાઈક ચાલકો સ્લીપ થઈ ગયા હતા. માર્ગ પર ટપકેલા ઓઈલથી અજાણ બાઈકચાલકોને સ્લીપ થવાથી નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

શહેરમાં માર્ગ સલામતીના અભાવ વચ્ચે પૈડા પરની જિન્દગી આમ પણ જોખમી બની છે. ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે રોજબરોજ નાના-મોટા અકસ્માતોના દૃશ્યો મોત સામે આવે છે. સે-૬ ભુવનેશ્વર મંદિર નજીકના વિસ્તારમાં આજે માર્ગ સલામતી કોઈક વિચિત્ર રીતે જોખમી બની હતી. આજે સવારે સેકટરમાંથી પસાર થતા ટેન્કરમાંથી ઓઈલ લીકેજ થતું હોવાથી સેકટરના આંતરિક માર્ગ પર ઓઈલ ઢોળાયું હતું. માર્ગ પર ઓઈલ રેલાવાથી ત્યારબાદ પસાર થતા સાતથી આઠ બાઈક ચાલકો સ્લીપ થઈ ગયા હતા. જયારે આ પૈકી કેટલાકને શરીરના ભાગે નાની મોટી ઈજા પણ થવા પામી હતી. ઓઈલનું ટેન્કર સિવિલ બાંધકામ સાઈટ તરફ જવા માટે નિકળ્યું હોવાનું પણ ધ્યાને આવ્યું છે. માર્ગ વચાળે રેલાયેલા ઓઈલથી અન્ય વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ ન બને તેવા આશયથી કેટલાક સ્થાનિક જાગ્રત નાગરિકો દ્વારા માર્ગ પર માટી પાથરી દેવામાં આવી હતી.

# અધ્યાપકોમાં પડતર પ્રશ્નોનાં ઉકેલ બાબતે વ્યાપક રોષ

## ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિને અધ્યાપક મહામંડળનો ટેકો

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ અધ્યાપક મહામંડળના પ્રમુખ ડૉ. એમ.એમ. રાવલ અને મહામંત્રી ડૉ. જે.એસ. પ્રજાપતિએ તાજેતરમાં સરકાર સાથેની મળેલી બેઠકમાં અધ્યાપકોનાં પડતર પ્રશ્નોના ઉકેલ બાબતે તથા અધ્યાપકોને એરિયર્સની ચૂકવણીમાં સરકારની છેતરપીંડી બાબતે અસંતોષ વ્યક્ત કર્યો છે અને ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિને અધ્યાપક મહામંડળનો ટેકો જાહેર કર્યો છે.

સરકાર સાથેની બેઠકમાં વર્ષ-૨૦૦૯-૨૦૧૦નું એરિયર્સ તથા ગુજરાત સરકારે ચૂકવવાની થતી ૨૦ ટકા રકમ રોકડમાં ચૂકવવાની વાતનો સરકારે સ્વીકાર કર્યો હોવા છતાં માત્ર ૨૦ ટકા રકમ અને તે પણ રોકડમાં આપવાને બદલે પ્રોવિડન્ડ ફંડમાં જમા કરવાની જાહેરાત કરીને અધ્યાપકો સાથે છેતરપીંડી કરી છે. ૨૦ ટકા રકમ રાજ્ય સરકારે જ ચૂકવવાની હતી તો આટલું મોડુ કરીને અધ્યાપકો જો લાખો રૂપિયાનું વ્યાજનું નુકસાન કરીને તેની અધ્યાપક વિરોધી નીતિ છતી કરી છે. એરિયર્સની રકમ પી.એફ.માં જમા કરવાની અને તેનો લોકઈન સમય પાંચ વર્ષનો રાખેલ હોવા છતાં સરકારે માત્ર એક હપ્તો પી.એફ.માં જમા કર્યો છે અને ત્રણ હપ્તા રોકડમાં ચૂકવ્યા છે. પણ પાંચમો હપ્તો હજુ ચુકવ્યો નથી. કેન્દ્ર સરકારના પરિપત્ર મુજબ અધ્યાપકોને એરિયર્સની ૮૦ ટકા રકમ ચૂકવી દેવી છતાં રાજ્ય સરકારે આ બાબતે જરરી કામગીરી આરંભી નતી. રજાઓ બાબતે, એમ.ફિલ., પીએચ.ડી.ના અગ્રિમ ઈજાફા બાબતે પણ અધ્યાપકોની નારાજગી છે. ખંડ સમયના અધ્યાપકોને પૂર્ણ સમયના કરવામાં આવ્યા નથી. ૩૦ વર્ષથી નજીવો પગાર મેળવતા અધ્યાપકો નારાજ છે. એડ હોક અને અધ્યાપક સહાયકોને તેમની મૂળ નિમણૂંક તારીખથી પૂરા પગાર ધોરણોથી કાયમી કરવા જોઈએ અને પગાર રક્ષણ મળવું જોઈએ જે મળતુ નથી. છઠ્ઠા પગાર પંચના એરિયર્સના બાબતે પણ અધ્યાપકોને નારાજગી છે.

પડતર પ્રશ્નોના ઉકેલ બાબતે અધ્યાપકોમાં રોષની લાગણી પ્રવર્તી છે. અધ્યાપક મહામંડળ દ્વારા હાલ પુરતુ આંદોલન મોકૂફ રાખીને હવે મળનારી ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળની બેઠકમાં ભાવી રણનીતિ નક્કી કરવા જણાવ્યું છે અને ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિને ટેકો જાહેર કર્યો છે.

# જુનિયર ચેમ્બર દ્વારા ઝોન-કોન ઈવેન્ટનું આયોજન

## યુવાનોની ટેકનિકલ સ્કીલને પ્લેટફોર્મ પુરું પાડવા નવી ટીમ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૬

યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે કાર્યરત જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ કલોલ ઝોન દ્વારા બે દિવસીય હાર્મનિ ઝોન-કોનનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૧૭ ટાઉનહોલ ખાતે આજથી શરૂ થયેલા જે.સી.આઈ.ના વાર્ષિક મેળાવડામાં વર્ષ ૨૦૧૩ માટે યુવાનોની ટીમ તૈયાર કરવા કવાયત હાથ ધરવામાં આવી છે.

વિશ્વના ૧૩૩થી વધુ દેશોમાં સામાજિક, શૈક્ષણિક, મેનેજમેન્ટ અને ટેકનીકલ ક્ષેત્રે યુવાનોને ઉજ્જવળ રાહ ચિંધવા કલોલ જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલના દેશમાં ૨૪ ઝોન છે. ઈન્ડીવિજયુઅલ ડેવલપમેન્ટના મુખ્ય ઉદ્દેશ સાથે કાર્યરત સંસ્થાના કલોલ ઝોન દ્વારા સે-૧૭ ટાઉનહોલ ખાતે સંસ્થાના સભ્યો માટે બે દિવસીય વાર્ષિક મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે જે.સી. હાર્દિક કાપડીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે ૧૮ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા યુવાનોને કેન્દ્રમાં રાખી સંસ્થા દ્વારા તેમની ટેકનીકલ સ્કીલ્સને બહાર લાવવા પ્લેટફોર્મ પુરું પાડવામાં આવે છે. ઝોન-કોનની આ ઈવેન્ટ દરમિયાન વર્ષ ૨૦૧૩ની ટીમ તૈયાર થાય તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસીય આ ઈવેન્ટ દરમિયાન આજે સંસ્થાના ૩૫૦થી વધુ સભ્યોએ હાજરી આપી હતી. આ તબક્કે જે.સી.આઈ કલોલ ચેપ્ટરના પ્રમુખ નિરજ શાહ, સુભાષ ગઢવી, અનિલ પટેલ સહિતના સભ્યોએ હાજરી આપી હતી.

# બાઈક પર આવેલા ચેઈન સ્નેચરોએ સેક્ટર-૬ની મહિલાને નિશાન બનાવી

## ઘર આંગણેથી જ ગળામાંથી સવા તોલાનો દોરો આંચકી બંન્ને શખ્સો રફુચક્કર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૬-બી વિસ્તારમાં ઘર આંગણે એક મહિલા ઉભી હતી તે દરમ્યાન મોડી સાંજે અંધારામાં એક બાઈક પર ડબલ સવારી ચેઈનસ્નેચરો આવ્યા અને મહિલાના ગળામાં હાથ મારીને સવા તોલા વજનનો દોરો આંચકી બન્ને શખ્સો બાઈક પર રફુચક્કર થઈ ગયા હતા. સેક્ટર-૭ પોલીસે ચેઈન સ્નેચીંગ અંગે ગુનો દાખલ કરી પી.એસ.આઈ. રાઠોડે વધુ તપાસ શરૂ કરી છે.

રાજયના પાટનગરમાં ચેઈનસ્નેચરો બેફામ બનતા જાય છે. કોઈ પણ સમયે કોઈ પણ જગ્યાએ તેઓ બિન્દાસ્તપણે ચિલઝડપ કરી સરળતાથી નીકળી જાય છે. તાજેતરમાં ગાંધીનગર પોલીસે બે ચેઈન સ્નેચરોને ઝડપી પાડ્યા હતા પરંતુ આવા ચેઈન સ્નેચરો અત્યારે ગાંધીનગરમાં સંખ્યાબંધ ફરી રહ્યા છે. ગઈકાલે મોડી સાંજે અંધારામાં સેક્ટર-૬-બી પ્લોટ નં. ૫૩૨/૧માં રહેતા માણેકબેન ડી. સોલંકી ઘરઆંગણે ઉભા હતા તે અરસામાં બાઈક પર બે સવારી આવેલા શખ્સો તેમની નજીક આવ્યા અને પાછળ બેઠેલા શખ્સે માણેકબેનના ગળે પંજો મારીને પહેરેલો સોનાનો સવા તોલા વજનનો આશરે રૂ. ૧૫ હજારની કિંમતનો દોરો આંચકી લીધો હતો. મહિલાએ બુમાબુમ કરતાં આસપાસના રહીશો સ્થળ દોડી આવ્યા હતા. પરંતુ બાઈક પર બન્ને શખ્સો તેટલા સમયમાં તો રફુચક્કર થઈ ગયા હતા. સે. ૬નાં વસાહતીઓનું ટોળુ પોલીસ સ્ટેશન આવી પહોંચ્યું હતું. માણેકબેનની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ચેઈનસ્નેચીંગ અંગે ગુનો દાખલ કરીને સઘન તપાસ આરંભી છે.

## આજે વૈશ્વિક પરિવાર દ્વારા સતસંગ સકીર્તન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૬

વૈશ્વિક પરિવાર ગાંધીનગર તરફથી દર મહિનાના પ્રથમ રવિવારે સતસંગ સકીર્તન કાર્યક્રમ યોજાય છે. જે અંતર્ગત આજે સાંજે ૪.૩૦ કલાકે સેક્ટર-૨૩ બ્લોક નં. ૧૪૫/૬, ચ-ટાઈપ, યોગેશભાઈ દક્ષિણીને ત્યાં સતસંગ સકીર્તનનો કાર્યક્રમ યોજાશે. ભાવિક ભક્તોને સમયસર પધારવા મહેન્દ્રભાઈ રાઠોડે સૌને નિમંત્રણ પાઠવ્યું છે.

## જલારામ મહિલા મંડળ ગાંધીનગરનો તા. ૧૩મીએ ભજન કાર્યક્રમ

ગાંધીનગર તા.૬

જલારામ મહિલા મંડળ દ્વારા ૧૩મી ઓકટોબરે ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૧મી ઓકટોબરે નવરાત્રી મહોત્સવ નિમિત્તે ગરબા હરિફાઈનું આયોજન કરેલ છે. સમાજની બહેનો ભાગ લેવા પ્રજ્ઞાબેન ઠક્કરે અખબારી યાદીમાં જણાવેલ છે. નામ નોંધાવા માટે ૨૩૨૮૮૮૮૮, ૨૩૨૪૭૧૫૫ પર સંપર્ક કરવા વિનંતી છે.



અમદાવાદથી અંબોડ મહાકાળી માતાનાં દર્શને જઈ રહેલા શાહીબાગ પાટીદાર સમાજ આયોજિત પદયાત્રા સંઘની આ તસવીર છે, જે છેલ્લાં ૨૧ વર્ષથી નિયમિત આ યાત્રા યોજે છે. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીમાં ફરજ બજાવનાર કર્મચારીઓનો તાલીમ વર્ગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના વિધાનસભા મતદાર વિભાગમાં યોજાનાર ચૂંટણીમાં કામગીરી કરનાર અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ માટે તાલીમ વર્ગનું આયોજન આજ રોજ જિલ્લા સેવા સદન ખાતે એકાઉન્ટીંગ ટીમ, મીડિયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ ટીમ, કોલ સેન્ટર, કંટ્રોલ રૂમ, ફવાઈંગ સ્કવોડમાં ફરજ બજાવનાર અધિકારીશ્રી અને કર્મચારીઓને તેમની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કો-ઓર્ડિનેટર ફોર એકસપેન્ડિચર મોનિટરીંગ ટીમ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. ભટ્ટ, કલોલના આર.ઓ. શ્રી હિમાંશુભાઈ પટેલ, સેલ્સ ટેકસના નાયબ કમિશનર શ્રી મહેશભાઈ જાની, નાયબ કલેકટરશ્રી જે.બી. દેસાઈ, જિલ્લા



કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં એકસપેન્ડીચર મોનીટરીંગ સેલ,સ્ટેટીક સર્વેલન્સ ટીમ, વિડિયો સર્વેલન્સ ટીમ, વિડિયો વ્યુઈંગ ટીમ, તાલીમ વર્ગમાં જરુરી માર્ગદર્શન જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પી.સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, ચીફ આંકડા અધિકારીશ્રી બી.વી. વેદી અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરી દ્વારા આપવામાં આવ્યું હતું.

# ગુજરાત અતિ પછાત જાતિ વિકાસ સંઘના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૬

'ગુજરાત અતિ પછાત જાતિ વિકાસ સંઘ' સંગઠનની સાધારણ સભા અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના ચેરમેન પુનમભાઈ મકવાણાની અધ્યક્ષતામાં આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાઈ હતી. બેઠકમાં નવીન સંસ્થાના બંધારણને બહાલી આપવામાં આવી હતી. તથા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે પુનમભાઈ મકવાણાની સાધારણ સભાએ સર્વાનુમતે વરણી કરી હતી. જેને સમસ્ત સભાએ તાળીઓના ગડગડાટથી હાથ ઉંચા કરી વધાવી હતી. ત્યાર પછી અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે પ્રવિણભાઈ પંડ્યા, અમદાવાદ, ઉષાબેન બારોટ-અમદાવાદ, જગદીશભાઈ બારોટ-રાજકોટ, પ્રભુદાસ સાધુ, સાણંદ-અમદાવાદ અજીતભાઈ શાસ્ત્રી-મહેસાણાની તથા મહામંત્રી તરીકે ગૌતમ ગેડીયા-સુરેન્દ્રનગર ચંદન રાણા-અમદાવાદ તથા મંત્રીઓ તરીકે લલીત સાધુ-બરવાળા, રેખાબેન ગાયજન-અમરેલી, મેગજીભાઈ વાજા-જૂનાગઢ, કસ્તુરભાઈ નાડિયા-અમદાવાદ, મનુભાઈ તીરગર-મોડાસા, સંગઠન મંત્રીઓ તરીકે સર્વશ્રી પ્રભુભાઈ મકવાણા-સુરેન્દ્રનગર, ભાનુપ્રસાદ વાણીયા-અમદાવાદ, દિનેશભાઈ પરમાર (સાધુ)-જામનગર, પુષ્પાબેન ભરવાડ-ગોધરા, કોષાધ્યક્ષ તરીકે સુખાનંદભાઈ શ્રીમાળી, કાર્યાલય મંત્રીઓ તરીકે અમૃતભાઈ પરમાર તથા રીન્કુ શ્રીમાળી, આંતરીક ઓડીટર તરીકે પ્રવિણભાઈ ગાંધી, મહેસાણાની પસંદગી સર્વાનુમતે થઈ હતી. હવે પછી ૬૧ કારોબારી સભ્યો, ૩૦ જિલ્લાના પ્રમુખો, ૮-મહાનગરના પ્રમુખોની નિયુક્તિની સત્તા સાધારણ સભાએ પુનમભાઈ મકવાણાને આપી હતી.

સાધારણ સભાને સંબોધતા પુનમભાઈએ જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં તમામ અતિપછાત સમાજોએ ભા.જ.પ.ની પડખે ઢાલ બનીને અડીખમ ઉભા રહેવાનું છે. મુખ્યમંત્રીએ જ્યારે બોર્ડનું નિગમમાં રૂપાંતર કર્યું છે ત્યારે આગામી ચૂંટણી ઋણ અદા કરવાનો મોકો છે ત્યારે તમામ સમાજોએ નેક બની, એક બની ફક્તને ફક્ત કમળના નિશાનને ધ્યાનમાં રાખી કામ કરવાનું છે. પૂનમભાઈએ અતિપછાત સમાજો માટે ગુજરાતની સરકારે કરેલ કામગીરી, ગરીબ કલ્યાણ મેળા, જર્જરીત મકાનો નવેસરથી બનાવવાની મુખ્યમંત્રીની જાહેરાતની વિસ્તૃત જાણકારી આપી હતી. તથા કોંગ્રેસની ઘરનું ઘર જેવી લોભામણી જાહેરાતોથી સાવધાન રહેવા તથા અતિ પછાત સમાજોમાં આ બાબત ઘેર ઘેર સુધી પહોંચાડવા આગેવાનોને અપીલ કરી હતી.

સાધારણ સભામાં અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના ડીરેક્ટરો સર્વશ્રી પ્રવીણ પંડ્યા, ઉષાબેન બારોટ, ચંદન રાણા, મેઘજી વાજા, અજીત શાસ્ત્રી, સોનાબેન સેનમા, હંસાબેન શ્રીગોડ, પ્રભુભાઈ મકવાણા ઉપરાંત સર્વશ્રી ગૌતમભાઈ ગેડિયા, સુખાનંદ શ્રીમાળી, પુષ્પાબેન ભરવાડ, ભાનુપ્રસાદ વાણીયા, ભલાભાઈ ઘોરી, હર્ષદભાઈ તીરગર, કસ્તુરભાઈ નાડિયા, ડાયાભાઈ હડીયેલ, મનુભાઈ તીરગર, છગનલાલ સેનમા, બાબુભાઈ ચૌહાણ, રીન્કુ શ્રીમાળી, અમૃતભાઈ પરમાર, રમેશભાઈ ગૂંજેટીયા, દિનેશભાઈ પરમાર, પ્રવીણભાઈ ગાંધી, લક્ષ્મણભાઈ સેનમા, રેખાબેન ગાયજન, હીરાભાઈ ચુડાસમા, ભરતભાઈ હડીયેલ, તુલસીદાસ શ્રીમાળી, ડાહ્યાભાઈ રાવત, મહંત શામળદાસ સાધુ, કાન્તીભાઈ દવે, અશોકભાઈ બારોટ, પ્રહલાદભાઈ સેનવા, જગદીશભાઈ બારોટ, ડાહ્યાભાઈ તીરગર, લલીતભાઈ બારોટ, બળદેવભાઈ પરમાર, શામળભાઈ ચેનવા, રમણભાઈ મકવાણા સહિતના અતિપછાત સમાજોની વિવિધ જ્ઞાતિઓના આશરે ૧૦૦ થી વધુ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ નવા વરાયેલા મહામંત્રી ગૌતમભાઈ ગેડીયાએ કરી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪

સૂર્યાસ્ત : ૬.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૬ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦

બર્ફી : ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,

ઓહ ! માય ગૉડ : ૯.૩૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૯.૦૦, ૪.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૧.૩૦, ૨.૧૫

ઈંગ્લીશ વિંગ્લીશ : ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

બર્ફી : ૧૦.૪૫, ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૩૦

ઓહ ! માય ગૉડ : ૬.૪૫

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઈંગ્લીશ વિંગ્લીશ : ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૦.૪૫, ૩.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ઓહ! માય ગૉડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૧૫

કમાલ ધમાલ માલામાલ : ૧૧.૩૦, ૬.૧૫

### ચિરાગ, કલોલ

મારા રૂદિયે વાલા બાપા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- જિતેન્દ્રભાઈ શાહની પુત્રી કુ. એશાનું આરંગેત્રમ સાંજે ૪.૦૦ કલાકે.

### સામાજિક

- જૈન સોશ્યલ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા સમસ્ત જૈન સમાજના તપસ્વીઓના બહુમાન તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સમારંભ કોમ્યુનિટી હોલ, સેકટર-૭માં સવારે ૯.૦૦ કલાકે યોજાશે.

## આપની આજ

**મેષ** : આપને આજે વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. આવકનાં સ્ત્રોતથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિઓ અને નવા કાર્યોનો યોગ બની રહ્યો છે. વ્યાવસાયિકક્ષેત્રે ભાગીદારી, કૌટુંબિક વિવાદો, વેગેર જેવી સમસ્યાઓ માટે ભાગ્યવર્ધક યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : આપને આજે આર્થિક ક્ષેત્રમાં શોધ સંબંધી કાર્યો થવાની સંભાવના છે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવા જોઈએ. રોકાણ વગેરે માટે સમય યોગ્ય નથી.

**કર્ક** : લગ્નવાંચ્છુકો માટે જીવનસાથી પસંદગીનો યોગ પ્રબળ બને છે. કુટુંબમાં શુભ મંગળ કાર્યનું આયોજન થઈ શકશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં ભાગીદારી માટે ઉત્તમ સમય.

**સિંહ** : આપને કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓનું નિરાકરણ હેતુસર યાત્રા અને ભાગદોડ થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં કોઈપણ પ્રકારની ઉતાવળએ આપને માટે હિતકારી નથી.

**કન્યા** : આધ્યાત્મિક સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કલાત્મક શિક્ષાના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. ધાર્મિક લોકો માટે અત્યંત ઉપલબ્ધિ કારણ સમય છે. જ્ઞાનવર્ધક કાર્ય થશે.

**વૃશ્ચિક** : વ્યાપાર- વ્યવસાય સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય થઈ શકે છે. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો, શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

**ધન** : વ્યવસાયક્ષેત્રે આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. રાજકીય સ્ત્રોતથી ધન પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વિશિષ્ટ ખાનપાનનો યોગ. સંચિત ધન વૃદ્ધિનો યોગ.

**મકર** : આખો દિવસ મનોરંજન કલા આમોદ- પ્રમોદના કાર્યોમાં પસાર થશે તથા તેમાં રુચિ જાગૃત થશે. સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. શુભ શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ.

**કુંભ** : કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બની શકે છે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં પ્રતિષ્ઠાના યોગ.

**મીન** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રા પ્રવાસનો યોગ બની રહ્યો છે. ધર્મ, આધ્યાત્મના કાર્યોમાં યાત્રા થશે.

## ચિરવિદાય

- સ્વ. નવુબા સેધાજી બિહોલા (ઉ.વ.૮૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. રમણભાઈ ગોવિંદભાઈ પટેલ (ઉ.વ.૬૫) મુ.પો. મુબારકપુર તા. કલોલ, જિ.ગાંધીનગર